"सनादंत : सुखार्थ सर्व संकल्पबद्धा भवेम्"

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૧ | વર્ષ - ૫ | ઓગસ્ટ - ૨૦૨૫ (સળંગ અંક : ૪૯) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## દૂધસાગરમાં વિશ્વાસના વાવેતર કરી લાખો પશુપાલકોના આર્શિવાદ સાથે

# સાગરના સારથી અશોક ચૌધરી બન્યા GCMMFના નવા સુકાની !











# 1973 થી સ્થાપિત ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના સાતમા ચેરમેન તરીકે અશોકભાઈ ચૌધરી ઉપર પસંદગીનો કળશ ઢોળાયો







ગુજરાત રાજ્યના 18 ડેરી સંઘો અને 36 લાખ પશુપાલકોની માતૃસંસ્થા તેમજ 80 હજાર કરોડનો વહીવટ ધરાવતી દેશની સૌથી મોટી સહકારી સંસ્થા GCMMF (ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન) કે જે; વિશ્વ આખામાં લોકમુખે અમૂલના નામથી ઓળખાય છે તેના સાતમા ચેરમેન તરીકે મહેસાણા દૂધસાગર ડેરીના વર્તમાન ચેરમેનશ્રી અશોકભાઈ બી. ચૌધરી સર્વ સંમતિથી આગામી અઢી વર્ષ માટે નિયુક્ત થતાંજ સમગ્ર મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં ઉમંગ અને ઉત્સાહનો માહોલ છવાઈ જવા પામ્યો છે. તા. 22 જુલાઈ 2025 મંગળવારના રોજ આણંદ ખાતે ફેડરેશનના મુખ્યાલય ખાતે પ્રથમ માળે બોર્ડ રુમમાં 11:30 કલાકે કલેક્ટરશ્રી પ્રવિણ ચૌધરીએ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી હતી. પરંતુ, વર્ષ 1973 થી GCMMF ની ચાલી આવતી ઉત્તમ પરંપરા અનુસાર “ઈલેક્શન નહી પણ સૌની સંમતિથી સિલેક્શન” એ પ્રક્રિયા ને જીવંત રાખતાં રાજ્યની તમામ ડેરી સંઘોના ચેરમેનશ્રીઓ ઉપસ્થિતી વચ્ચે સાબર ડેરીના શામળભાઈ પટેલે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીના નામની નવનિયુક્ત ચેરમેન તરીકે દરખાસ્ત કરી હતી. જેને અમરેલીની અમર ડેરીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ સાવલિયાએ ટેકો આપ્યો હતો. જ્યારે વાઈસ ચેરમેન પદ માટે રાજકોટની ગોપાલ ડેરીના ચેરમેનશ્રી ગોરધનભાઈ ધામેલીયાના નામની દરખાસ્ત કચ્છની સરહદ ડેરીના ચેરમેનશ્રી વલમજી હુંબલે કરી હતી જેને અમદાવાદની આબાદ ડેરીના ચેરમેનશ્રી મોહનભાઈ ભરવાડે ટેકો આપ્યો હતો. આ બંને પદ માટે કરાયેલી દરખાસ્તને બોર્ડ રુમમાં હાજર તમામ ડેરી સંઘોના હોદ્દેદારો તેમજ રાજ્ય રજીસ્ટારશ્રીએ સંમતિ આપતાં ચૂંટણી અધિકારી અને કલેક્ટરે ચેરમેન પદ માટે અશોકભાઈ ચૌધરી અને વાઈસ ચેરમેન પદ માટે ગોરધન ધામેલીયાના નામ ઉપર સર્વ સંમતિની મોહર મારતાંની સાથે મહેસાણા, પાટણ અને ગાંધીનગર જીલ્લાના મહેસાણા દૂધ સંઘ કાર્યક્ષેત્ર સાથે જોડાયેલા ગામડાઓથી લઈ મહેસાણા દૂધસાગર ડેરીના મુખ્યાલય ઉપર દિપાવલી જેવા માહોલનું સ્વયંભૂ નિર્માણ થવા પામ્યું હતું. ઉલ્લેખનીય છે કે; ભારતીય જનતા પાર્ટીની વિચારધારાથી ઘડાયેલા શ્રી અશોક ચૌધરીએ મહેસાણા નગરપાલિકાના પ્રમુખ તરીકે ઉત્તમ ભૂમિકા નિભાવી હતી. વર્ષ 2015થી તેઓ દૂધસાગર ડેરી સાથે જોડાયેલા છે અને 2021 થી આજદિન સુધી તેઓએ પ્રામાણિક વહીવટ થકી મહેસાણા ડેરીને ઐતિહાસીક ઉંચાઈઓ બક્ષી છે.

## Know about

# GCMMF

# Amul



તા. 14 ડિસેમ્બર 1946 ના રોજ ખાનગી ડેરીઓ દ્વારા પશુપાલકોનું શોષણ થતું હોવાથી તેના વિરોધમાં સ્વ. ત્રિભુવનદાસ કિશીભાઈ પટેલ દ્વારા ગુજરાત અને ભારતમાં પ્રથમ વખત આણંદ મિલ્ક યુનિયન લિમિટેડ નામનો પ્રથમ દૂધ સંઘ શરુ કરવામાં આવ્યો. અને ત્યાંથી, ભારતમાં શ્વેતક્રાંતિના પગરવ મંડાયા. ઈ.સ.1949માં સ્વ. ત્રિભુવનદાસના આગ્રહથી વશ થઈને ડૉ. વર્ગીસ કુરિયન તેમની સાથે જોડાયા. 1970 સુધીમાં આ સહકારી પ્રવૃતિએ સમગ્ર ગુજરાતમાં વિશાળ રુપ લઈ લીધા બાદ ગુજરાતના તમામ દૂધ સંઘોને એકસૂત્રતામાં પરોવવા માટે ઈ.સ.1973માં GCMMF એટલે કે; ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની રચના કરવામાં આવી. આજે અમૂલના નામે ઓળખાતા આ સહકારી સંગઠને 52 વર્ષ ગરીમાપૂર્ણ રીતે પોતાની યાત્રા પૂરી કરી છે. GCMMF ત્રણ-સ્તરીય માળખું ધરાવે છે. (1) ગામડાઓમાં દૂધઉત્પાદક સહકારી મંડળીઓ (2) સમગ્ર ગુજરાતમાં 18 જીલ્લા સહકારી દૂધઉત્પાદક સહકારી સંઘો (3) રાજ્ય સ્તરે GCMMF આ દૂધ સંઘો પાસેથી પ્રોડક્ટ ખરીદ કરી, તેનું માર્કેટિંગ કરી અને વિતરણ કરે છે. આજે 36 લાખ પશુપાલકો અને એમાંય, સૌથી વધુ મહિલા દૂધઉત્પાદકો સાથે જોડાયેલ આ અમૂલ સંગઠન દૈનિક 300 લાખ લિટર દૂધનો સંગ્રહ કરી ગુજરાતના દૂધ સંઘો દ્વારા તેના વિવિધ ઉત્પાદનો કરાવી ભારત સહિત વિશ્વના 50 થી વધુ દેશોમાં અમૂલના નામે આ ઉત્પાદનોનું નિકાસ કરે છે. જેમાં યુ.એસ., સિંગાપોર, જાપાન, ફિલિપાઈન્સ, ચીન, ઓસ્ટ્રેલિયા અને ગલ્ફના દેશોનો તેમાં સમાવેશ થાય છે. નજીકના ભવિષ્યમાં અમૂલ કેનેડા સહિત અન્ય અનેક દેશોમાં પોતાનું વિસ્તરણ કરવાની તૈયારી કરી રહ્યું છે.

વર્ષ 2023-24 માં અમૂલ દ્વારા રુપિયા 80000 કરોડ એટલે કે; 10 બિલિયન ડોલરનું કદ્દાવર ટર્નઓવર કરવામાં આવ્યું છે. અમૂલ દેશભરમાં 87 શાખાઓ, 15000 થી વધુ ડિલર્સ અને 10 લાખથી વધુ રિટેલર્સ ધરાવે છે. ભારતના અમદાવાદ, વડોદરા, દિલ્હી, બેંગ્લોરુ, હૈદરાબાદ, મુંબઈ, સુરત સહિત અનેક મહાનગરોમાં અમૂલ સંગઠન પોતાના આઉટલેટ્સ ધરાવે છે. અમૂલને આજ સુધીમાં વિશ્વના અનેક સન્માનપાત્ર એવોર્ડસ્ મળવા પામ્યા છે જેમાં, ઈ.સ.1999 માં બેસ્ટ ઓફ઼ ઓલ કેટેગરી માટે રાજીવ ગાંધી નેશનલ ક્વૉલિટી એવોર્ડ, ઈ.સ.2002 માં બિઝનેસ વિશ્વ મોસ્ટ રિસ્પેક્ટેડ કંપની એવોર્ડ, ઈ.સ.2007 માં ઈન્ટરનેશનલ ડેરી ફ઼ેડરેશન માર્કેટિંગ એવોર્ડ, ઈ.સ.2013 માં AIMA-RK સ્વામી હાઈ પરફ઼ોમંસ બ્રાન્ડ એવોર્ડ આ સિવાય, ઈ.સ.2014 માં વિશ્વ ડેરી ઈનોવેશન એવોર્ડ, ઈ.સ.2025 માં ભારતની સૌથી મૂલ્યવાન બ્રાન્ડ તરીકે ત્રીજુ સ્થાન ધરાવતી અમૂલ CRISIL માં મજબૂત સ્થાન ધરાવે છે.

GCMMF પોતાના પશુપાલકોને 80% નફ઼ો આપે છે. નજીકના ભવિષ્યમાં અમૂલ નવા બજારો, નવા ઉત્પાદનો, દૂધ પ્રોસેસિંગની ક્ષમતામાં વધારો અને જ્યુસ, જામ અને સોસ જેવા ઉત્પાદનો સાથે પ્રાકૃતિક ખેત પેદાશોને પીઠબળ આપવાનું લક્ષ ધરાવે છે.

## અમૂલના અધ્યક્ષોનો સૂવર્ણ ઈતિહાસ

| | | | |
|---|---|---|---|
| 1 | ડૉ. વર્ગીસ કુરિયન | ખેડા ડેરી | તા. 24/07/1973 થી તા. 20/03/2006 |
| 2 | પરથીભાઈ ચૌધરી | બનાસ ડેરી | તા. 26/04/2006 થી તા. 17/08/2012 |
| 3 | વિપુલભાઈ ચૌધરી | દૂધસાગર ડેરી | તા. 18/08/2012 થી તા. 23/10/2013 |
| 4 | જેઠાભાઈ પટેલ | સાબર ડેરી | તા. 05/12/2013 થી તા. 28/01/2018 |
| 5 | રામસિંહભાઈ પરમાર | અમૂલ ડેરી | તા. 29/01/2018 થી તા. 22/07/2020 |
| 6 | શામળભાઈ પટેલ | સાબર ડેરી | તા. 23/07/2020 થી તા. 22/07/2025 |
| 7 | અશોકભાઈ ચૌધરી | દૂધસાગર ડેરી | તા. 23/07/2025 થી કાર્યાન્વિત |



## GCMMF નું વર્તમાન નિયામક મંડળ

| | | |
|---|---|---|
| 1 | અશોકભાઈ ચૌધરી (ચેરમેન) | દૂધસાગર ડેરી (મહેસાણા) |
| 2 | ગોરધનભાઈ ધામેલીયા (વાઈસ ચેરમેન) | ગોપાલ ડેરી (રાજકોટ) |
| 3 | શંકરભાઈ ચૌધરી | બનાસ ડેરી (પાલનપુર) |
| 4 | જેઠાભાઈ ભરવાડ | પંચામૃત ડેરી (ગોધરા) |
| 5 | શામળભાઈ પટેલ | સાબર ડેરી (હિંમતનગર) |
| 6 | વલમજીભાઈ હુંબલ | સરહદ ડેરી (કચ્છ) |
| 7 | વિપુલભાઈ પટેલ | અમૂલ ડેરી (આણંદ) |
| 8 | માનસિંહભાઈ પટેલ | સુમુલ ડેરી (સુરત) |
| 9 | ગમનભાઈ પટેલ | વસુંધરા ડેરી (વલસાડ) |
| 10 | દિનેશભાઈ પટેલ | સુગમ ડેરી (વડોદરા) |
| 11 | મોહનભાઈ ભરવાડ | આબાદ ડેરી (અમદાવાદ) |
| 12 | શંકરસિંહ રાણા | મધુર ડેરી (ગાંધીનગર) |
| 13 | ઘનશ્યામભાઈ પટેલ | દૂધધારા ડેરી (ભરુચ) |
| 14 | નરેશભાઈ મારુ | સુરસાગર ડેરી (સુરેન્દ્રનગર) |
| 15 | અશ્વિનભાઈ સાવલિયા | અમર ડેરી (અમરેલી) |
| 16 | મહેન્દ્રભાઈ પનોત | સર્વોત્તમ ડેરી (ભાવનગર) |
| 17 | દિનેશભાઈ ખટારીયા | સોરઠ ડેરી (જુનાગઢ) |
| 18 | ડૉ. આકાશભાઈ રાજશાખ | સુદામા ડેરી (પોરબંદર) |

# સાગરને આંગણે હરખનાં મોજાં











# ગામડાંની માટી માંથી મળ્યો પોતાનો માણસ














**દૂધસાગરની પાઠશાળામાં ભણીને અમૂલ યુનિવર્સિટીમાં દાખલ થયો છું, 36 લાખ પશુપાલકો તથા કરોડો અમૂલના ઉપભોક્તાઓને પૂરતો સંતોષ આપીશ તેની ગેરંટીઃ અશોકભાઈ ચૌધરી**

## અમૂલના ચેરમેન

# પશુપાલકોના તુલસી પાંદડે તોલાણા ...
































Dudhsagar
The Pride of India




Dudhsagar
The Pride of India

















# અમૂલ્ય ક્ષણો.



ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી
માન. શ્રી સી. આર. પાટીલ
સાથે અમૂલના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીની શુભેચ્છા મુલાકાત.



કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા સાથે અમૂલ્ય મુલાકાત



વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા
શ્રી અશોકભાઈ ચૌધરીને અમૂલ્ય આવકાર



રાજ્ય સભા સાંસદ
શ્રી મયંકભાઈ નાયકના નિવાસ સ્થાને
અમૂલ આગમનના વધામણાં



અમૂલના એમ.ડી.શ્રી જયન મહેતા સાથે
GCMMFના ચેરમેન અને વાઈસ ચેરમેન
સાથે શુભેચ્છાઓનું આદાન-પ્રદાન



વિધાનસભાના ઉપાધ્યક્ષ
શ્રી જેઠાભાઈ ભરવાડની શુભકામનાઓ



દૂધસાગર ડેરીના ઈન્ચાર્જ
એમ. ડી. શ્રી ધીરજકુમાર ચૌધરી
સાથે ખુશીઓની ક્ષણો



અંગદાનનો યજ્ઞ પ્રગટાવનાર
શ્રી દિલીપભાઈ દેશમુખ(દાદા),
ભાજપ મહામંત્રીશ્રી જે. એફ. ચૌધરી અને
ભગાજી ઠાકોર સાથે શુભેચ્છાની ક્ષણો



પોરબંદરના ધારાસભ્ય
શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાજી સાથે શુભેચ્છા મુલાકાત.

# બનાસને આંગણે GCMMFના ચેરમેન અને વાઈસ ચેરમેનનો સન્માન સમારોહ યોજાયો.




મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરી અને ગોપાલ ડેરી (રાજકોટ)ના ચેરમેનશ્રી ગોરધનભાઇ ધામેલીયાની ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન(GCMMF)ની અનુક્રમે ચેરમેન અને વાઇસ ચેરમેન તરીકેની સર્વસંમતિથી વરણી થતાં બનાસ મેડિકલ કોલેજ ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષ સ્થાને એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત સમારોહમાં અમૂલના ચેરમેન તરીકે શ્રી અશોકભાઇ ચૌધરી અને વાઇસ ચેરમેન તરીકે શ્રી ગોરધનભાઇ ધામેલીયાની પસંદગીને બિરદાવતાં શ્રી શંકરભાઇ ચૌધરીએ પોતાનો રાજીપો વ્યક્ત કરી આ બન્નેના નેતૃત્વ હેઠળ અમૂલ સફળતાના નવા શિખરો સર કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી પશુપાલનના વ્યવસાયને સહકારી માળખા થકી વધુ મજબૂત કરવાની નેમ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે પૂર્વ સાંસદ અને પૂર્વ મંત્રીશ્રી પરબતભાઇ પટેલ, બનાસ ડેરીના વાઇસ ચેરમેનશ્રી ભાવાભાઇ રબારી, ધારાસભ્યશ્રી લવિંગજી ઠાકોર, પૂર્વ મંત્રીશ્રી હરજીવનભાઇ પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી જોઇતાભાઇ પટેલ, બનાસ ડેરીના બધા બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ, બનાસ બેંકના તમામ ડિરેક્ટરશ્રીઓ, બનાસ મેડિકલ કોલેજના ચેરમેનશ્રી પી. જે. ચૌધરી, બનાસ ડેરીના મેનેજીંગ ડિરેક્ટરશ્રી સંગ્રામસિંહ ચૌધરી સહિત બનાસકાંઠા જિલ્લાના સહકારી આગેવાનો સહિત આ જિલ્લાના પ્રબુધ્ધ નાગરિકો અને પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે, પોતાના વિચારો વ્યક્ત કરતાં અમૂલના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરીએ અમૂલ જેવી મહાન સંસ્થાની પોતાની જવાબદારી સોંપવા બદલ ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઇ શાહ, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, પક્ષ પ્રમુખશ્રી સી. આર. પાટીલ, સહકાર મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, રુષિકેશભાઇ પટેલ, સંગઠન મંત્રીશ્રી રત્નાકરજી અને વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના વિશ્વાસને અકબંધ રાખવાની કટિબધ્ધતા વ્યક્ત કરી હતી.

## શ્રાવણના પ્રથમ સોમવારે હજારો પશુપાલકો અશોકભાઈને અભિનંદન આપવા દૂધસાગરમાં ઉમટ્યા

## જીલ્લાની અનેક સહકારી સંસ્થાઓના આગેવાનો અને રાજકીય માણસોએ અશોકભાઈને કહ્યું CONGRATULATIONS



મહેસાણા દૂધસાગર ડેરીને અશોકભાઇના નેતૃત્વમાં અમૂલ ફેડરેશનનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત થતાં ડેરીના કાર્યક્ષેત્રમાં આવતાં અઢી જિલ્લા ગાંધીનગર, મહેસાણા અને પાટણના પશુપાલકોમાં આનંદની હેલી ઉમટવા પામી હતી. વિતેલા સોમવારે વહેલી સવારથી જ પશુપાલકોના ધાડેધાડાં ચેરમેનશ્રીને આર્શીવાદ અને અભિનંદન આપવા માટે ઉમટી પડ્યા હતાં. અનેક દૂધમંડળીઓના પ્રતિનિધિઓએ આ તબક્કે પોતાની ખૂશીઓ વ્યક્ત કરવા વિવિધ સ્મૃતિ ચિહ્નો આપી ચેરમેનશ્રીને અમૂલની નવિન યાત્રા સફળતાપૂર્વક આગળ વધે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી. મહેસાણા ડિસ્ટ્રિક્ટ બેંકના ચેરમેનશ્રી વિનોદભાઇ પટેલની આગેવાનીમાં તમામ બોર્ડ ડિરેક્ટરોએ મહેસાણા દૂધસાગર ડેરી ખાતે આવી અશોકભાઇને અભિનંદન આપ્યા હતા. વિવિધ મંડળીઓના ચેરમેન સહિત બોર્ડના તમામ ડિરેક્ટરોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી આ સાથે, મહેસાણા સહકારી સંઘ સહિત જિલ્લાની વિવિધ સંસ્થાઓ, ધાર્મિક અને સામાજિક આગેવાનોએ રુબરુ મળી અશોકભાઇને શુભકામનાઓ પાઠવી હતી.

## અમૂલ્ય જવાબદારી સંભાળતા અશોક ચૌધરી






# એમ્બ્રીયો ટ્રાન્સફરમાં દૂધસાગરને મળી પ્રથમ સફળતા



દૂધસાગર ડેરી દ્વારા આપણા તબેલાના ઓછું દૂધ આપતા પશુઓમાંથી વધુ દૂધ આપતી ઓલાદ પેદા કરવા માટે અધતન અને વૈજ્ઞાનિક પધ્ધતિ એટલેકે ગર્ભપ્રત્યારોપણ (ET) કાર્યક્રમ વર્તમાન સમયે ચાલી રહ્યો છે.

આ ગર્ભપ્રત્યારોપણ પધ્ધતિમાં ગર્ભ (બચ્ચુ) વૈજ્ઞાનિક પધ્ધતિથી લેબોરેટરીમાં ઉત્પન્ન કરવામાં આવે છે. વધુ દૂધ આપતી ગાય અને સારી ઓલાદના સાંઢ ની મદદથી ઉચ્ચ ગુણવત્તાવાળુ ગર્ભ લેબોરેટરીમાં તૈયાર કરવામાં આવે છે. અને આ ગર્ભ સાત દિવસનો થાય ત્યારે આપણા તબેલાની ગાયમાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

આ પ્રોગ્રામમાં આપણા સતલાસણા તાલુકાના રીંછડા ગામમાં ચૌધરી ગનીબેન વિરમભાઈની ગાયમાં ગર્ભપ્રત્યારોપણ કરવામાં આવ્યુ હતું અને તે ગાય ગાભણ થઈ હતી, અને સ્વસ્થ વાછરડીનો જન્મ થયો હતો. તે ગર્ભપ્રત્યારોપણથી જન્મેલ વાછરડીને CRP કીટની મદદથી ઉછેર કરવામાં આવ્યો હતો. આ વાછરડી ખૂબજ ઝડપી વિકાસ પામી હતી જેનુ બે વર્ષથી ઓછી ઉંમર વિયાણ થયેલ છે. જેની વિગત નીચે પ્રમાણે છે.

| એમ્બ્રીયો ટ્રાન્સફરથી જન્મેલી વાછરડીની વિગત | |
|---|---|
| ગામ | રીંછડા |
| નામ | ચૌધરી ગનીબેન વિરમભાઈ |
| એમ્બ્રીયો ટ્રાન્સફર તારીખ | 31/01/2023 |
| જન્મ તારીખ | 28/10/2023 |
| કડી નંબર | 105774486195 |
| બીજદાનની તારીખ | 29/09/2024 સેક્સસોર્ટેડ ડોઝ |
| પ્રથમ બીજદાનની ઉંમર | 337 દિવસ |
| વિયાણ તારીખ | 31/06/2025 |
| વિયાણ સમયે ઉંમર | 602 દિવસ |
| વિયાણ સમયે વજન | 450 કિલોગ્રામ |
| સેક્સસોર્ટેડડોઝથી જન્મેલ વાછરડીનું જન્મ સમયે વજન | 34 કિલોગ્રામ |

# દૂધસાગર દ્વારા શરુ કરાયું સમૃધ્ધ પશુપાલન જાગૃતિ અભિયાન

ઓછા જાનવરે અને ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન થાય અને દૂધસાગર સાથે જોડાયેલ ખેડૂત અને પશુપાલક સમૃધ્ધ બને તે દિશામાં આગળ વધવા માટે વિશ્વના શ્રેષ્ઠ સંશોધનોથી આપણો પશુપાલક અવગત બને અને વૈજ્ઞાનિક પધ્ધતિને અપનાવતો થાય તે માટે ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી અને સમગ્ર નિયામક મંડળના નેતૃત્વમાં મહેસાણા દૂધ સંઘ સંસ્થાના એમ. ડી. શ્રી ધીરજકુમારના માર્ગદર્શન હેઠળ કામ કરી રહ્યો છે. વર્તમાન સમયે દૂધસાગર ડેરી તથા સેક્સડ્ સિમેન ડોઝ બનાવતી Genus Breeding ABS કંપની દ્વારા SagarX (એટલે કે પાડી/વાછરડી આવે તેવા ડોઝ)નો ઉપયોગ આપણા સંઘના પશુપાલકો વધુ કરે અને વધુ દૂધ ઉત્પાદન આપતા માદા પશુઓ વધે આથી ભવિષ્યની સારી માદા પશુ સંપદા આપણા વિસ્તારમાં વધે જેથી દૂધ ઉત્પાદનમાં વૃધ્ધિ થાય આ હેતુથી આપણા મિલ્કશેડ એરિયાના ગામોમાં તે અંગેની જાગૃતિ માટે હાલમાં "જન જાગૃતિ અભિયાન" શરુ કરેલ છે. અત્યાર સુધીમાં આવા 7 થી વધુ કાર્યક્રમ આપણા વિસ્તારમાં થયેલ છે.

વિદેશોની સરખામણીએ ભારતનું પશુપાલન જુની પરંપરા સાથે આજે પણ ચાલી રહ્યું છે ત્યારે, વિદેશો જેવી ક્રાંતિ ભારતમાં પણ આવે અને સાચા અર્થમાં શ્વેતક્રાંતિનો બીજો અધ્યાય લખાય તે દિશામાં ગુજરાતના દૂધ ક્ષેત્રના તમામ સંગઠનો કામ કરી રહ્યા છે. આજે વિશ્વમાં સૌથી વધુ દૂધ ઉત્પાદન ભારતમાં થતું હોવા છતાં પરંપરાગત જુની દેશી પધ્ધતિઓ અપનાવવામાં આવી રહી હોવાથી દૂધનો આ વ્યવસાય પ્રમાણમાં મોંઘો સાબિત થઈ રહ્યો છે. દૂધાળા પશુઓની સંખ્યામાં વધારો થાય અને ઉત્તમ દૂધ આપનારા પશુઓ જન્મે તે માટે નવી વૈજ્ઞાનિક પધ્ધતિઓનું અમલીકરણ સમયની જરુરિયાત છે.



# પશુઓને અપાતી 34 એન્ટિબાયોટિક્સ દવાઓ ઉપર સરકારનો પ્રતિબંધ



ભારત સરકારે મે મહિનાના અંત ભાગમાં ગાય-ભેંસ અને ઘેટાં-બકરાં થતા મરઘાં અને બતકોની સારવાર માટે વપરાતી 34 એન્ટિમાઈક્રોબિયલ-એન્ટિબાયોટિક્સ દવાઓના વપરાશ પર પ્રતિબંધ મૂકી દીધો છે. પશુઓ ઉપર ઉપરોક્ત 34 દવાઓનો બેફામ ઉપયોગ થતો હોવાથી તેની સીધી અસર માનવ આરોગ્ય ઉપર જોવા મળતી હોવાથી કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય અને ડ્રગ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડ દ્વારા આ પ્રતિબંધ અંગેના નોટીફિકેશનને તાત્કાલિક અસરથી અમલમાં મૂકી દેવામાં આવ્યું છે. જોકે; ભારત સરકારે હાલ જે એન્ટિબાયોટિક્સના પશુઓ માટે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મૂક્યો તે પહેલાં યુરોપિયન સંઘના દેશો અને અમેરિકાએ પણ પ્રતિબંધ લગાવી દીધો છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા અનુસાર, આ ચોત્રીસમાંથી ઘણી એન્ટિબાયોટિક્સ માનવની સારવાર માટેની દવા તરીકે વપરાય છે. તેની અસરકારકતા જાળવી રાખવા માટે પણ આ દવાઓનો ઉપયોગ ઘટાડી દેવાનું કહેવામાં આવ્યું છે. પશુઓના શરીરમાંથી મળતા દૂધ, માંસ અને ઈંડાના માધ્યમથી આ દવાઓની સીધી અસર માનવ શરીરના પાચનતંત્રમાંના બેક્ટેરિયા પર પડે છે. પાચન શક્તિને તેની વિપરીત અસર થવાની સાથે માણસની રોગ પ્રતિકારક શક્તિ પણ ઓછી થાય છે. હવે આ દવાઓ ઉપર પ્રતિબંધ આવી ગયો હોવાથી પશુપાલનની પધ્ધતિમાં સુધારો થશે. પશુઓનું આરોગ્ય સુધરશે અને તેમને પોષણ મળશે. પશુઓને રસી આપીને તેમની તંદુરસ્તીમાં સુધારો કરી શકાશે. તેમજ પશુઓને રોગ થવાની શક્યતાઓ સિમિત થઈ જશે. આ દવાઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો તેને પરિણામે પશુપાલનની વ્યવસ્થા વધુ ટકાઉ અને ફાયદાકારક બનશે.

ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત થયેલી આ દવાઓમાં એન્ટિવાયરલ તરીકે વપરાતી સેફ્ટોબાયપ્રોલ, યુરિડોપેનિસિલિન, સેફ્ટોરોલાઈન, સાઈડરોફોરે, સેફોલોસ્પોરિન, કાર્બાપેનેન્સ, પેનેમ્સ, માનોબેક્ટમ્સ, ગ્લાયકોપેપ્ટાઈડ્સ, લિપોપ્ટાઈડ્સ, ઓક્સાઝોલિડિનોનેસ, એરાવસાઈક્લાઈન, ફિડાક્સોમાઈસિન, પ્લાઝોમાઈસિન અને ઓમાડેસાઈક્લાઈનનો સમાવેશ થાય છે. તદ્દુપરાંત એમાન્ટાડાઈન, બાલક્સાવીર, માબોક્સિલ, ફાવીપિરાવીર, ગાલિડેસિવીર, લેક્ટીમાડોમાઈસિન, લાનિનામિવીર, મેથાસાઝોને, મોલનુપિરાવીર, ઓસેલ્ટામિવીર, રિબારીન, નિટાઝોક્શાનાઈડ પર પણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

**એન્ટિબાયોટિક્સનો બેફામ ઉપયોગ કરવાથી પશુઓના શરીરના બેક્ટેરિયામાં દવાનો પ્રતિકાર કરવાની ક્ષમતા આવી જાય તો તેની સારવાર કરવી કઠિન બને અને પશુઓના શરીરમાંથી માનવ શરીરમાં તે બેક્ટેરિયા ઘૂસી જાય તો માનવને સાજા કરવા મુશ્કેલ બની શકે છે**

## આપણા મહામૂલા ગૌધનને લંપી રોગ ભરખી જાય તે પહેલાં




વિશ્વમાં 98 વર્ષ પહેલાં જોવા મળેલા ગાયોને થતા જીવલેણ લંપી વાઈરસના લક્ષણ ભારતમાં 2019 જોવા મળ્યા હતા. ત્યારબાદ, 2022 માં પણ ભારતના કેટલાય રાજ્યોમાં આ લંપી વાઈરસે હાહાકાર મચાવ્યો હતો. વર્તમાન સમયે નિષ્ણાતો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર 2025 ના આ વર્તમાન વર્ષમાં પણ કેટલાક વિસ્તારોમાં ગાયો ઉપર લંપીના લક્ષણો વર્તાઈ રહ્યા હોવાની સંભાવના વ્યક્ત કરાઈ છે ત્યારે, દૂધસાગરના પશુપાલકો અત્યારથી જ સાવધાન બની જાય તે ખૂબ જરુરી છે. લંપી સામેની આ લડાઈમાં હાલ આપણે શું કરી શકીએ? તેનો જવાબ છે: **રસીકરણ, સ્વચ્છતા, જંતુ નિયંત્રણ, નવા પશુઓની તપાસ, પશુઓનું અવલોકન, પોષણ અને રોગ પ્રતિકારક શક્તિ માટેના પ્રયાસો તથા નિષ્ણાત પશુચિકિત્સકોની સલાહ લેવી.**

# Quality of Co-Operative

**Mdશ્રી અને ચેરમેનશ્રીના સાનિધ્યમાં મળતી નિયમીત સમીક્ષા બેઠકથી સાગરના સૂશાસન માટે સૌ કરી રહ્યા છે પોતાની**

# હયાતીના હસ્તાક્ષર




મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘનો વહિવટ સંભાળવાના શરુઆતના દિવસોથી એટલે કે ; જૂન : 2021 થી શરુ થયેલ આ રિવ્યુ મિટીંગની ઉત્તમ પરંપરા હેઠળ સંસ્થાના મેનેજીંગ ડિરેક્ટર શ્રી. ધીરજકુમાર ચૌધરીએ સંસ્થાના વિવિધ 12 વિભાગો જેવા કે - વેટરનરી વિભાગ, C F P (કેટલફીડ-જગુદણ અને ઉબખલ) વિભાગ, એન્જિનીયર એન્ડ સ્ટોર વિભાગ, પ્રોડક્શન વિભાગ, માનેસર ડેરીના અધિકારીઓ, ધારુહેડા પ્લાન્ટના અધિકારીઓ, MIDFT અને સાગર સૈનિક સ્કૂલ વિભાગ, સાગર ફ્રેશ ઓર્ગેનિક વિભાગ, દૂધસાગર ડેરી CCS(તમામ ચિલીંગ સેન્ટર) વિભાગ, ધારુહેડા ગ્રૃપ હેડ મિટીંગ(દૂધસાગર નેશનલ), CS(કો-ઓપરેટિવ સર્વિસ) વિભાગ, સેલ્સ વિભાગ અને નવિન પ્રોજેક્ટ અંગેની સમીક્ષા અંગે દરેક મહિનાના પ્રથમ છ દિવસો ફાળવી દરેક વિભાગના ઉચ્ચ અધિકારીઓ પોતાની કામગીરી અંગે જાગૃત રહે તેનું સતત મૂલ્યાંકન કરતાં આજ સુધી આવી ચાલીસ મિટીંગ પૂર્ણ કરી છે અને દર છ મહિને સંસ્થાના ચેરમેનશ્રી પણ આ તમામ વિભાગો સાથે બેઠક કરી ઉત્તમ દૂધસાગરના નિર્માણમાં સૌના યોગદાનની અપેક્ષા સાથે પોતાના હયાતીના હસ્તાક્ષર નોંધાવી દૂધસાગર ડેરી પોતાના ઉત્તમ કર્મ થકી ઉજળી બને તે માટે કાર્યરત રહ્યા છે.

2021થી મહેસાણા દૂધસાગર ડેરીમાં સત્તાના સૂત્રો બદલાયા બાદ, સંસ્થાના એમ. ડી. શ્રીની આ કુશળ કાર્ય પધ્ધતિથી સમગ્ર ડેરીના જુદા જુદા વિભાગોનું એકબીજા સાથે સંકલન થઈ રહ્યું હોવાથી તમામ કાર્ય અને તેની સમય મર્યાદા અંગે વિવિધ વિભાગોના અધિકારીઓ તથા તે વિભાગના કર્મચારીઓની જવાબદેહી નક્કી કરાતાં દરેક મહિનાના શરુઆતના દિવસોમાં એમ. ડી. શ્રી સાથે વિવિધ કામોની સમિક્ષાઓ, કાર્યની વર્તમાન સ્થિતિ, એ અંગેનો ખર્ચ, કામમાં જોડાયેલી એજન્સીની કાર્ય પધ્ધતિ અને આગળના લક્ષાંકો ઓનપેપર લખાતાં હોવાથી તમામ વિભાગો પોતાની જવાબદારીને ન્યાય આપી રહ્યા છે. વિતેલા સાડા ચાર વર્ષમાં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.નો ચોતરફનો વિકાસ જે આપણે જોઈ રહ્યા છીએ તેની સફળતા પાછળ રિવ્યુમિટીંગની ઉત્તમ કાર્ય પધ્ધતિ પણ કાબિલેતારીફ છે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.

આસ્થા ડિજીટલ, મહેસાણા